ઊંઝામાં ગુનાખોરીનો ગ્રાફ સતત વધતા લોકોમાં ભય

ઊંઝા, તા. ૧૮

વેપારી મથક ઊંઝા પોલીસ સ્ટેશનની હદમાં વર્ષ ૨૦૦૯થી ૨૦૧૪ દરમિયાન ગુનાખોરીના પ્રમાણમાં વધારો થયો હોવાનું પોલીસના ચોપડે પાર્ટ-૧ હેઠળ નોંધાયેલ આંકડાઓ પરથી જણાય છે.

સને ૨૦૦૯ થી ૨૦૧૪ દરમિયાન ઊંઝા વિસ્તારમાં ખૂન, લૂંટ, ચેન સ્નેચિંગ, ઘરફોડચોરી, વાહનચોરી, કેબલચોરી, ઢોરચોરી, મંદિર ચોરી, અપહરણ, બળાત્કાર, અપરાધ, વિશ્વાસઘાત, ઠગાઈ, વ્યથા અને મહાવ્યથા જેવા ગંભીર પ્રકારના ઘણા ગુનાઓ નોંધાયેલ છે. જેમાં ઘરફોડ, વાહનચોરી તેમજ અન્ય ચોરીઓના બનાવો સવિશેષ બન્યા છે. મિલકત વિરૂદ્ધના તેમજ અન્ય ગંભીર પ્રકારના ગુનાઓને અટકાવવા માટે તેમજ તેના ભેદ ઉકેલવા માટે પોલીસતંત્ર દ્વારા અસરકારક પગલા ભરાયેલ નથી જેથી ગુનાખોરીનો આંક વધવા પામ્યો છે. સ્થાનિક પોલીસ મથકે મિલકત વિરૂદ્ધના જે ગુનાઓ નોંધાયા છે. તે પૈકી મોટાભાગના ગુનાઓના ભેદ આજદિન સુધી વણ ઉકેલાયેલા રહ્યા છે. સ્થાનિક તેમજ જિલ્લા કક્ષાની લોકલ ક્રાઈમ બ્રાંચ દ્વારા આવા ગંભીર ગુનાઓને શોધવાની દિશામાં ખાસ કોઈ મહેનત કરવામાં આવી નથી. અને ફક્ત કાગળ પર જ તપાસ થઈ હોવાનું કહેવાય છે. કહે છે કે મિલકત વિરૂદ્ધના ગુનાઓના ભેદ ઉકેલવામાં તપાસ કરનાર અધિકારીઓને ખાસ્સી મહેનત કરવી પડે છે. અને આર્થિક દૃષ્ટિએ કંઈ લાભ થતો નથી. આથી આવા ગુનાઓની તપાસમાં ખાસ રસ દાખવવામાં આવતો નથી અને જે ગુનાની તપાસમાં આર્થિક ફાયદો થતો હોય તેવા ગુનાઓની તપાસમાં વિશેષ ધ્યાન અપાય છે તેવો આક્ષેપ લોકોમાં થઈ રહ્યો છે. બીજુ મિલકત વિરૂદ્ધના ગુનાઓમાં જે શખ્સોની સંડોવણી હોવાનુ માલૂમ પડે છે તેવા શખ્સોની પુછપરછ થાય છે અને ગુનાની કબૂલાત જાણી હોય તેમ છતાં લૂંટમાં કે ચોરીમાં ગયેલ મુદ્દામાલ પરત મેળવવા માટે ખાસ કોઈ પ્રયત્નો થતા નથી. પરિણામે આરોપીઓ પકડવા છતાં ફરિયાદીને ગુમાવેલ માલમત્તા પરત મળી શકતી નથી.



પોગલુના વારાહીમાતા મંદિરે ૧૪મો પાટોત્સવ યોજાયો

સાબરકાંઠાના પ્રાંતિજ નજીક આવેલ પોગલુ ગામે સ્થિત વારાહી માતાના મંદિરે ૧૪મો પાટોત્સવ સમસ્ત ગ્રામજનો અને વારાહી શક્તિપીઠના સભ્યો દ્વારા ઉજવવામાં આવ્યો હતો.આ ૧૪માં પાટોત્સવમાં મહંત સુનીલદાસજી મહારાજના સાનિધ્યમાં નવચંડી યજ્ઞ, હવન, પ્રાંત-પૂજા, આરતી, મહાપૂજા, અભિષેક તેમજ રાત્રીના ભજનસંધ્યા અને ગરબા જેવા ધાર્મિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ભાવિકોએ પણ આ ધાર્મિક પ્રસંગે માતાજીની પૂજા અર્ચનાનો લાભ લીધો હતો. આજના હવનના મુખ્ય યજમાન જીતુભાઈ પટેલ તેમજ મહેશભાઈ પટેલ સહિતના સભ્યો ધાર્મિક ઉત્સવનના સહભાગી બન્યા હતા. પ્રમુખ અમૃતભાઈ પટેલ સહિત ટ્રસ્ટી મંડળના સભ્યોએ જહેમત ઉઠાવી હતી. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

વયમર્યાદા વટાવી છતાં ૧૦ કર્મીઓ નોકરી પર યથાવત

યુનિવર્સિટીના કેટલાક કર્મચારીઓએ અન્યાય પ્રતિકારક બિનશિક્ષક સંઘ બનાવી પણ ઉચ્ચસ્તરે રજૂઆતો કરી છે

અમદાવાદ, તા.૧૮

ગુજરાત યુનિવર્સિટીમાં આ જીઆરનું જાણે કોઈ અસ્તિત્વ કે મહત્વ જ ન હોય તેમ યુનિવર્સિટીમાં હાલ ૧૦થી વધુ વહીવટી કર્મચારીઓ નિવૃત્તિ વયમર્યાદા વટાવી ચુક્યા હોવા છતાં બિન્દાસ નોકરી કરી રહ્યા છે. યુનિવર્સિટી સત્તાધીશોએ પણ આ મુદ્દે કોઈ કાર્યવાહી કરવાની તસ્દી ન લેતા હવે યુનિવર્સિટીના જ કેટલાક કર્મચારીઓએ અન્યાય પ્રતિકારક બિનશિક્ષક સંઘ બનાવીને ઉચ્ચસ્તરે રજૂઆતો કરી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટી સરકારી સંસ્થા હોવાથી ભરતી અને પ્રમોશન માટે સરકારી નિયમો લાગૂ પડતા હોય છે. સરકાર દ્વારા કરવામાં આવતા પરિપત્રોનું ચુસ્તપણે પાલન માત્ર ગુજરાત નહીં રાજયની તમામ યુનિવર્સિટીઓએ કરવું પડતું હોય છે. કયા કર્મચારીઓને ક્યારે નિવૃત્ત કરી શકાય તે માટે સરકાર દ્વારા જીઆર પણ બહાર પાડવામાં આવ્યો છે. જો કે, ગુજરાત યુનિવર્સિટીમાં આ જીઆરનું જાણે કોઈ અસ્તિત્વ કે મહત્વ જ ન હોય તેમ યુનિવર્સિટીમાં હાલ ૧૦થી વધુ વહીવટી કર્મચારીઓ નિવૃત્તિ વયમર્યાદા વટાવી ચુક્યા હોવા છતાં બિન્દાસ નોકરી કરી રહ્યા છે. યુનિવર્સિટી સત્તાધીશોએ પણ આ મુદ્દે કોઈ કાર્યવાહી કરવાની તસ્દી ન લેતા હવે યુનિવર્સિટીના જ કેટલાક કર્મચારીઓએ અન્યાય પ્રતિકારક બિનશિક્ષક સંઘ બનાવીને ઉચ્ચસ્તરે રજૂઆતો કરી છે. ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા કરાયેલા પરિપત્ર પ્રમાણે ૧-૧૦-૧૯૮૪ પહેલા જે વહીવટી કર્મચારીઓની નિમણૂંક કરવામાં આવી તે તમામની નિવૃત્તિની વયમર્યાદા ૬૦ નિર્ધારિત કરાઈ છે. આ તારીખ પછી જે વહીવટી કર્મચારીઓની ભરતી કરવામાં આવી તેઓની નિવૃત્તિની વયમર્યાદા ૫૮ની કરવામાં આવી હતી. આ નિયમ પ્રમાણે ૧૯૮૪ પછી નોકરીમાં દાખલ થયા હોય તે તમામને ૫૮ વર્ષે નિવૃત્ત કરી દેવા જોઈએ. પ્રમોશન કે અન્ય કારણોસર ઉચ્ચ પદે પહોંચે તો પમ નિવૃત્તિના નિયમો જૂના લાગૂ પડતા હોય છે જે પ્રમાણે ૫૮ પૂરા કરનારાઓને નિવૃત્ત કરવા જોઈએ પરંતુ યુનિ. સત્તાધીશો દ્વારા આવું કરવામાં આવ્યું નથી. જેથી નિવૃત્તિના નિયમોમાં ભેદભાવના કારણે હાલ યુનિવર્સિટી કર્મીઓના ભારેલા અગ્નિ જેવી સ્થિતિ જોવા મળી રહી છે.

જીટીયુ વિવિધ અભ્યાસક્રમની પરીક્ષાનો આજથી પ્રારંભ થશે

જીટીયુ દ્વારા તમામ પરીક્ષા કેન્દ્રો ઉપર ફરજિયાત કેમેરા લાગવવાનો નિર્ણય કરાયો છે : સાવચેતીના તમામ પગલા

અમદાવાદ, તા.૧૮

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા સંલગ્ન ઈજનેરી કોલેજોમાં વિવિધ અભ્યાસક્રમોની પરીક્ષાનો આવતીકાલથી પ્રારંભ થઈ રહ્યો છે. આ વખતે પરીક્ષામાં ગેરરીતિને રોકવા માટે પ્રથમ વખત જીટીયુ દ્વારા તમામ પરીક્ષા કેન્દ્રો પર ફરજિયાત સીસીટીવી કેમેરા લાગવવાનો નિર્ણય કરાયો છે. જેથી આવતીકાલથી શરૂ થઈ રહેલ જીટીયુની વિવિધ અભ્યાસક્રમની પરીક્ષા વિદ્યાર્થીઓએ ત્રીજી આંખની બાજ નજર નીચે આપવી પડશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા રાજ્યની તમામ ૪૫૦ જેટલા ઈજનેરી કોલેજોમાં વિવિધ અભ્યાસક્રમોમાં વાર્ષઈક પરીક્ષાનો પ્રારંભ આવતીકાલથી કરવામાં આવશે.

આવતીકાલથી શરૂ થનાર આ પરીક્ષા ૨૭મી જૂન સુધી ચાલશે. આ વખતે પરીક્ષામાં ગેરરીતિ અટકાવવા માટે જીટીયુ દ્વારા એક નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. જે અંતર્ગત જીટીયુએ ત્રણ મહિના પહેલા સંલગ્ન તમામ કોલેજેનો પરિપત્ર પાઠવીને દરેક પરીક્ષા કેન્દ્રો પર ફરજિયાતપણે સર્વેલન્સ સિસ્ટમ લગાવવાના આદેશ કર્યા હતા. આ પરિપત્રમાં જણાવ વામાં આવ્યું હતું કે, સીસીટીવી કેમેરા સર્વેલન્સ સિસ્ટમ અંગે કોઈ પણ જાતની ફરિયાદ કે વાંધા અરજીઓને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. આ સૂચનાનું કડકપણે પાલન કરવા અને તારીખ ૩૧ માર્ચ ૨૦૧૪ પહેલા તમામ પરીક્ષા કેન્દ્રો પર સીસીટીવી કેમેરા લગાવી દેવા જણાવાયું હતું. આ પરિપત્ર મુજબ જે સ્થળોએ જીટીયુની પરીક્ષા લેવામાં આવનાર છે તે તમામ સ્થળોએ સીસીટીવી કેમેરા સર્વેસન્સ સિસ્ટમ લગાવી દેવામાં આવી છે જેથી હવે આગામી ૧૯મી મેથી ૨૭ જૂન વચ્ચે લેવાનાર જીટીયુના વિવિધ અભ્યાસકમોની વાર્ષિક પરીક્ષા સીસીટીવી કેમેરાની બાજ નજર હેઠળ લેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, જીટીયુના બેચરલ ઓફ એન્જિનિયરિંગના સેમેસ્ટર ૧થી ૮ની પરીક્ષા ૧૯મી મેથી શરૂ થઈને ૨૭મી સુધી ચાલશે.

તેવી જ રીતે બેચરલ ઓફ ફાર્મસીના સેમેસ્ટર ૧થી ૮ની પરીક્ષા તારીખ ૧૯મી મેથી શરૂ થશે. જે ૧૬મી જૂને પુરી થશે. એમસીએની પરીક્ષાઓ તા. ૨૩મી મેથી શરૂ થઈને પહેલી જૂનના રોજ પુરી થશે જ્યારે એમબીએની પરીક્ષા ૧૯મી મેથી શરૂ થઈને ૨૭ જૂનના રોજ પુરી થશે. જ્યારે બેચરલ ઓફ આર્કોલોજીની પરીક્ષાનો પ્રારંભ ૨૭મી મેથી થશે જે પાંચમી જૂને પુરી થશે.

ત્રાસવાદીઓને છોડાવવાના કાવતરા મામલે ઉંડી તપાસ

અમદાવાદ, તા.૧૮

કેન્દ્રિય સંસ્થાઓની મદદથી ગુજરાત પોલીસે સાબરમતી સેન્ટ્રલ જેલ સહિત દેશની જુદી જુદી જેલોમાં રહેલા કુખ્યાત આતંકવાદી શકમંદોને છોડાવવાના ખતરનાક કાવતરાનો પર્દાફાશ કર્યો છે. એક અગ્રણી અંગ્રેજી અખબારે આ અંગેના અહેવાલ પ્રકાશિત કર્યા બાદ લોકોમાં આને લઈને ભારે ચર્ચા છે. ગયા વર્ષે સાબરમતી જેલમાં સુરંગ બનાવીને કેટલાક કેદીઓ ફરાર થઈ જવાની તૈયારીમાં હતા. સંસ્થાઓ પાસેથી પ્રાપ્ત અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, કેન્દ્રિય સંસ્થાઓએ એક વેબસાઈટ મારફતે એવી માહિતી મેળવી હતી કે, આતંકવાદી શકમંદોને છોડાવવાની પ્રક્રિયા ચાલી રહી છે. મળેલી માહિતી મુજબ ન્યુઝીલેન્ડના દક્ષિણમાં ટોકેલાઉ નામના દ્વિપ ઉપર સ્થિત સરવરથી ઓપરેટેડ વેબસાઈટની ભાળ મેળવવામાં આવી હતી. સૂત્રોએ કહ્યું છે કે, આ વેબસાઈટને ટ્રેક કરી લેવામાં આવી હતી. આ વેબસાઈટમાં જે શકમંદોને છોડાવવામાં આવનાર છે તેમના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. અમદાવાદમાં સાબરમતી જેલમાં રહેલા કેટલાક કુખ્યાત કેદીઓનો પણ આમા સમાવેશ થાય છે. અધિકારીઓએ આઈપી સરનામા શોધી કાઢ્યા હતા જેનાથી વધુ ચકાસણી કરવામાં આવી હતી. આશરે એક પખવાડિયાથી ચાલી રહેલી આ મામલામાં તપાસમાં જણાવવા મળ્યું છે કે, ઈન્ડિયન મુઝાહિદ્દીનના ત્રાસવાદીઓ આને ચલાવી રહ્યા છે. ફેબ્રુઆરી ૨૦૧૩માં અમદાવાદ સિરિયલ બ્લાસ્ટના કેટલાક આરોપીઓએ સાબરમતી જેલમાં ૨૧૩ ફૂટની સુરંગ ખોદી કાઢી હતી. આ મામલામાં હજુ પણ તપાસ ચાલી રહી છે. આ સુરંગને શોધી કાઢવામાં આવ્યા બાદ ગુજરાતમાં ખળભળાટ મચી ગયો હતો. સમયસર સુરંગ મળી આવતા જેલમાંથી ખતરનાક ત્રાસવાદીઓ ફરાર થતા રોકી દેવામાં આવ્યા હતા. ત્યારબાદ ક્રાઈમ બ્રાંચે ૨૪ શકમંદો સામે ગુના નોંધીને તપાસ હાથ ધરી હતી.

પ્રાંતિજ તાલુકાના વદરાડ ગામે ૧૦૦૮ આદિનાથ જિનબિમ્બ માન સ્તંભ પંચકલ્યાણ પ્રતિષ્ઠા અને વિશ્વ શાંતિ મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ ત્રિદિવસીય ધાર્મિકોત્સવ તા. ૧૯ થી ૨૧ સુધી યોજાશે. વિશેષમાં વદરાડ જૈન સમાજ તેમજ પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ તરફથી સાડાત્રણ ફૂટ લાંબી અને પહોળી આમંત્રણ પત્રિકા પ્રગટ કરી આમંત્રિતોને આમંત્રિત કરવામાં આવ્યા છે. (સંજય રાવલ, પ્રાંતિજ)

પાલનપુર મુકામે કલેકટર શ્રી એમ.એસ.પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. ચૂંટણીલક્ષી સારી કામગીરી બદલ કલેકટરશ્રીએ ટીમ બનાસકાંઠાને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે વધુ મતદાન અને અન્ય ચૂંટણીલક્ષી સરસ કામગીરીની નોંધ રાજય કક્ષાએ પણ લેવાઈ છે. બેઠકમાં કલેકટરશ્રીએ અધિકારીઓને જણાવ્યું કે લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૪ ની આચારસંહિતા હવે પૂર્ણ થાય છે ત્યારે જીલ્લામાં વિકાસકૂચને વેગ આપવા તથા સારી ગુણવત્તાના વિકાસકામો થાય તે માટે વિશેષ કાળજી રાખી સક્રિય બનીએ. કલેકટરશ્રી મહેન્દ્ર પટેલે કચ્છ કે આગામી ચોમાસાને ધ્યાનમાં રાખી તેનું આગોતરૂ આયોજન કરીએ. બેઠકમાં તકેદારી પંચની બાકી અરજીઓના નિકાલ અંગે, ખાતાકીય તપાસના બાકી કેસોનો નિકાલ, સરકારી લેણાંની વસુલાત, પેન્શન કેસોનો નિકાલ કરવો, સંસદસભ્યશ્રી અને ધારાસભ્યોના બાકી -શ્નો વગેરે વિશે ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી એચ. કે. પટેલ, નિવાસી અધિક કલેકટરશ્રી ડી.એ.શાહ, આસી.કલેકટરશ્રી અમૃતેષ, નાયબ પોલીસ અધિક્ષકશ્રી નિનામા સહિત વિવિધ કચેરીઓના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ખેડબ્રહ્મા સિનિયર સિટીઝન્સ મંડળની બેઠક યોજાઈ

ખેડબ્રહ્મા, તા. ૧૮

ખેડબ્રહ્મા સિનિયર સિટિઝન્સ મંડળની વાર્ષિક સાધારણ બેઠક કીર્તિકુમાર જોષીના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.

બેઠકમાં મુખ્ય મહેમાન પદે જયંતિભાઈ ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યા હતા. બેઠકના પ્રારંભે સંસ્થાના પ્રમુખે સંગઠન મજબુત બનાવવા, પરસ્પર સહકાર કેળવવા તેમજ મંડળનું કાર્ય વેગવંતુ બનાવવા અને અગાઉના કાર્યો અંગે ચર્ચા કરી તેની પ્રશંસા કરી હતી. સંસ્થાના સભ્યો બેઠકમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અંતે આભારવિધિ શંકરલાલ મિસ્ત્રીએ કરી હતી.

મોડાસીયા કડવા પાટીદાર સમાજનો સમૂહ લગ્નોત્સવ સંપન્ન

પ્રાંતિજ, તા. ૧૮

મોડાસીયા કડવા પાટીદાર સમાજનો ૪૨મો સમૂહલગ્નોત્સવ તાજેતરમાં સમાજવાડી હિંમતનગર ખાતે ભારે ધામધૂમથી યોજાયો હતો.

આ સમૂહલગ્નોત્સવમાં સમાજના ૨૧ નવ યુગલોએ લગ્નગ્રંથિથી જોડાઈને પ્રભુતામાં પગલા પાડ્યા હતા. ભોજન વ્યવસ્થા તેમજ મંડળની તમામ જવાબદારી આ વર્ષે કરણપુર ગામના ઉત્સાહી યુવા-દાતાઓએ સ્વયંભુ સંભાળી લીધી હતી અને જરૂરી ફેરફારો સાથે વ્યવસ્થિત આયોજન કરીને સમાજ સેવાનું આ મહાકાર્ય સફળતાપૂર્વક પાર પાડ્યું હતું. જેના પરિણામે આ સમૂહલગ્નોત્સવ સમાજ માટે ઉત્સાહપૂર્વક અને પ્રશંસનીય બની રહ્યો હતો.

વિશેષમાં સમાજના અગ્રણી દાતાઓ તરફથી નવપરણીત યુગલોને તિજોરી સહિત વિવિધ પંદરેક ચીજવસ્તુઓ ભેટ સ્વરૂપે અર્પણ કરી પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. આ પ્રસંગે દાતાઓનું સમાજ દ્વારા જાહેર સન્માન કરવામાં આવ્યું હતું.

સુરતમાં દર્શના જરદોશને મળેલા ૭૬.૬૬ ટકા મત

નરેન્દ્ર મોદીની પ્રચંડ લહેર વચ્ચે ભાજપે અનેક નવા રેકોર્ડ સર્જ્યા : વડોદરા, નવસારી, સુરતમાં નવા જ રેકોર્ડ સર્જાયા

સુરત, તા.૧૮

વડોદરાના મતદારોએ દેશના ભાવિ વડાપ્રધાનને પ.૭ લાખના મત અંતરથી ચૂંટી કાઢીને ઈતિહાસ સર્જ્યો છે પરંતુ સૂરત લોકસભા મતવિસ્તારમાં ભાજપના ઉમેદવાર દર્શના જરદોશે પણ નવો ઈતિહાસ સર્જ્યો છે. દર્શના જરદોશે ૭૬.૬૬ ટકા મત હિસ્સેદારી મેળવીને તમામ રેકોર્ડ સર્જી કાઢ્યા છે. વડોદરા, નવસારી અને સુરત લોકસભા મતવિસ્તારમાં શુક્રવારના દિવસે નવા ઈતિહાસ સર્જાયા હતા તે વખતે નરેન્દ્ર મોદી, સીઆર પાટિલ અને જરદોશે ક્રમશઃ ૫૭૦૧૨૮, ૫૫૮૧૧૬ અને ૫૩૩૧૯૦ મતે શાનદાર જીત મેળવી હતી. જો કે, મત હિસ્સેદારીની દૃષ્ટિએ જીતના માર્જિનના મૂલ્યાંકન કરવામાં આવે તો સૂરતના જરદોશે હાઈએસ્ટ મત હિસ્સેદારી મેળવી છે. વડોદરા અને નવસારીના ઉમેદવારો કરતા પણ વધુ મોટી મતહિસ્સેદારી હાંસલ કરી છે. વડોદરામાં પડેલા ૧૧૫૫૬૭૯ મત પૈકી નરેન્દ્ર મોદીને ૮૪૫૪૬૪ મત મળ્યા હતા અને તેમની હિસ્સેદારી ૭૩.૧૫ ટકાની રહી છે. આવી જ રીતે નવસારીમાં ૧૧૬૧૪૭૬ મત પડ્યા હતા જેમા સીઆર પાટિલને ૮૨૦૮૩૧ મત મળ્યા હતા જે મત હિસ્સેદારી ૭૦.૬૭ ટકા દર્શાવે છે. સુરતમાં ૯૩૭૧૦૦ મત પડ્યા હતા. આમા દર્શના જરદોશને ૭૧૮૪૧૨ મત મળ્યા હતા. આનો મતલબ એ થયો કે તેમની કુલ મત હિસ્સેદારી ૭૬.૬૬ ટકા રહી છે. મત હિસ્સેદારીના મામલામાં ભાજપે વડોદરા, નવસારી અને સુરતમાં નવો રેકોર્ડ સર્જ્યો છે. ભાજપ માટે વર્તમાન લોકસબાની ચૂંટણી અનેક રીતે ઐતિહાસિક રહી છે. કારણ કે આ ચૂંટણીમાં ભાજપે સ્પષ્ટ બહુમતિ મેળવી છે. ગુજરાતમાં નરેન્દ્ર મોદી લહેર સ્પષ્ટ પણે જોવા મળી રહી હતી. ગુજરાતમાં મોદીની લહેર વચ્ચે ભાજપે તમામ ૨૬ બેઠકો જીતી લીધી હતી જ્યારે દેશભરમાં ભાજપે જોરદાર સપાટો બોલાવીને ૨૮૩ બેઠકો મેળવી હતી. એનડીએની સાથે મળીને ભાજપે ૩૩૭ બેઠકો જીતી છે જે એક રેકોર્ડ છે.

અવસાન નોંધ

પ્રાંતિજના તપોધનવાસમાં રહેતા બાલકૃષ્ણ રવિભાઈના પિતા અંબાલાલ ડાહ્યાલાલ રાવલનું દુઃખદ અવસાન થયું છે. સદ્‌ગતનું બેસણુ તા. ૨૩મી મે ૨૦૧૪ને ગુરૂવારના રોજ તેમના નિવાસસ્થાન તપોધન ફળીયુ પ્રાંતિજ ખાતે રાખવામાં આવ્યું છે.

પ્રાંતિજ બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્રનો વાર્ષિકોત્સવ ઉજવાયો

પ્રાંતિજ, તા. ૧૮

પ્રાંતિજ બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્રનો ૧૧મો વાર્ષિકોત્સવ તાજેતરમાં પ્રભુ મિલન પરિસરમાં ભારે ધામધૂમથી ઉજવાયો. સતત ચિંતાઓ અને ધોડધામભર્યા આજના મનુષ્ય જીવનમાં જો હસી-ખુશીની થોડીક ક્ષણો પણ ઉમેરાય તો જીવનમાં હળવાશ અને પ્રસન્નતા છવાઈ જાય. એવી સંસ્થાની પ્રવર્તમાન સમયની વિચારધારાથી પ્રેરાઈને મનોરંજન સાથે જ્ઞાન પીરસવાનો એક નવતર પ્રયોગ બ્રહ્માકુમારીઝ બેનો દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો.

જેમાં નાટ્યાત્મક સંવાદ, ગીતો, પ્રશ્નોત્તરી અને હાસ્યપ્રેરિત વિવિધ હળવી રમતો પ્રસ્તુત કરીને સમગ્ર પરિવાર આ પ્રસંગે અદમ્ય ખુશીઓથી નાચી ઉઠ્યો હતો. રાજયોગીની મોહિનીબેન અને શોભાબેનની દોરવણી ઉપસ્થિત સૌ બ્રહ્માવત્સોની સહભાગીદારી વચ્ચે ઉજવાયેલ આ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો ઉપરાંત બ્રહ્મભોજનના સુંદર આયોજન સાથે સંપન્ન સંસ્થાનો આ વાર્ષિકોત્સવ જે સમગ્ર બ્રહ્માકુમારીઝ પરિવાર માટે એક કાયમી સંભાણરણુ બની રહ્યો હતો.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL Radhe
TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન